# CES અભ્યાસક્રમ માર્ગદર્શિકા

# પ્રોગ્રામ ગાઈડ

# Certificate in Environment Studies (CES)

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 48

| No. | Subject | Page No. |
|---|---|---|
| 1. | અભ્યાસક્રમ લક્ષ્યાંક | 03 |
| 2. | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉદ્દેશો | 03 |
| 3. | પ્રવેશપાત્રતા | 04 |
| 4. | અભ્યાસક્રમ પસંદગી પ્રક્રિયા | 04 |
| 5. | અભ્યાસક્રમનો સમયગાળો | 04 |
| 6. | અભ્યાસક્રમ ફેરબદલી | 05 |
| 7. | અભ્યાસક્રમની ફી | 05 |
| 8. | શિક્ષણનું માધ્યમ | 06 |
| 9. | SC/ST Cell | 06 |
| 10. | CES અભ્યાસક્રમની રૂપરેખા | 09 |
| 11. | CES અભ્યાસક્રમમાં લક્ષ્યાંક સમૂહો સુધી પહોંચવાની વ્યવસ્થા | 09 |
| 12. | વિદ્યાર્થી સહાય સેવાઓ | 09 |
| 13. | અભ્યાસક્રમ વિષયક શૈક્ષણિક માર્ગદર્શન | 10 |
| | Centre List | 14 |

## અભ્યાસક્રમ લક્ષ્યાંક

ગુજરાત રાજયના સમગ્ર ભૌગોલિક વિસ્તારને આવરી લેતી રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી સર્ટિફિકેટ ના ઘણા બધા કોર્સ જેવા વિષયોમાં સર્ટિફિકેટ પદવીનો અભ્યાસક્રમ ચલાવે છે. યુ.જી.સી DEB ODL અધિનિયમ -2017 અન્વયે વખતોવખત મળેલ માર્ગદર્શિકા તથા યુનિવર્સિટીના સર્વોચ્ચ સત્તામંડળની મંજૂરી અન્વયે રચાયેલી વિવિધ વિષય સમિતિઓ દ્વારા અભ્યાસક્રમનું ઘડતર થાય છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઈચ્છુક, પ્રવેશપાત્રતા ધરાવનાર કોઈપણ જિજ્ઞાસુ દૂરવર્તી શિક્ષણ પધ્ધતિથી , સ્થળ – સમયના બંધનોથી મુક્ત રહીને સ્નાતક પદવી પ્રાપ્ત કરી શકે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી સ્નાતક પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી યુ.જી.સી. માન્યતા પ્રાપ્ત કોઈપણ યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરીને સંબંધિત વિષયમાં શૈક્ષણિક કારકિર્દી આગળ વધારી શકે છે. સ્નાતક પદવી આધારિત કારકિર્દી નિર્માણ કે રોજગારીની તકો માટે તે યુ.જી.સી માન્ય દરેક યુનિવર્સિટીના સ્નાતક પદવી મેળવનારની સમકક્ષ સમાન તક ધરાવે છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉદ્દેશો

...તાઓને ઉચ્ચ શિક્ષણ ...ર્ય માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.

- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજયના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને પ્રોત્સાહિત કરવી.
- પરંપરાગત યુનિવર્સિટી શિક્ષણથી વંચિત વિદ્યાર્થી સમુદાય તથા તકના અભાવે કે આર્થિક, સામાજિક સંગોજોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરબેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા ઉપલબ્ધ કરાવવી.
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવા.
- નોકરી – વ્યવસાયમાં પ્રવૃત્ત કે જેલમાં સજા ભોગવતા કેદીઓ, અંતરિયાળ ગ્રામ વિસ્તારના ઉચ્ચ શિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક પૂરી પાડવી .

## 3. પ્રવેશપાત્રતા

CES અભ્યાસક્રમ:

10 + 2 અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરેલ. બે વર્ષ માન્ય આઈ.ટી.આઈ. 10 મા ધોરણ પછી સાથે પાસ એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી.

## 4. અભ્યાસક્રમ પસંદગી પ્રક્રિયા

- માણસ અને પર્યાવરણ વચ્ચે સુમેળ જાળવવા માટે ઉપયોગી છે.

- આ કોર્સ શિક્ષણ અને અનૌપચારિક શૈક્ષણિક ક્ષેત્રો સાથે જોડાયેલ કોઈપણ વયના માટે ઉપયોગી છે.
- આ કોર્સ ઈકોલોજીસ્ટસ,હાઈડ્રોલોજિસ્ટ્સ,આર્કિટેક્સ,બાગાયતી અને કૃષિ ક્ષેત્રના વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો માટે પણ ઉપયોગી છે.
- તે બિન સરકારી સંગઠનો (NGO) ના કર્મચારી માટે પણ ઉપયોગી છે જે પર્યાવરણના ક્ષેત્રમાં તેમની સેવાઓ પ્રદાન કરવા માંગે છે.

## 5. અભ્યાસક્રમનો સમયગાળો

CES અભ્યાસક્રમનો સમયગાળો

લઘુત્તમ સમયમર્યાદા 6 મહિના અને મહત્તમ સમયમર્યાદા ૨ વર્ષની રહેશે. સમયમર્યાદા દરમ્યાન સફળતાપૂર્વક પૂર્ણ નહીં કરી શકે તો અભ્યાસક્રમ પૂરો કરવા ઈચ્છતા વિદ્યાર્થીએ રી-એડમીશન લેવાનું રહેશે.

## 6. અભ્યાસક્રમની ફેરબદલી

કૌટુંબિક, વ્યવસાયિક કે અન્ય કોઈપણ કારણસર સ્થળાંતર થતાં વિદ્યાર્થી પોતાનું અભ્યાસકેન્દ્ર બદલી શકશે. જે માટે તેણે નિયતપત્રકમાં નિયત ફી રૂ. 100 /- ભરવાની રહેશે અને નિયામક (વિદ્યાર્થી સેવાઓ) ને અરજી કરવાની રહેશે. સામાન્ય રીતે વિદ્યાર્થીની ઈચ્છાનુસાર ફેરબદલી કરી આપવામાં આવે છે, પરંતુ અભ્યાસકેન્દ્ર પર ફાળવેલ સંખ્યા અંગે કોઈ મર્યાદા હોય તો તેવા અભ્યાસક્રમોના કિસ્સામાં તેમજ જો આવા અભ્યાસકેન્દ્ર ઉપર આ અભ્યાસક્રમ કે પાઠ્યક્રમ ચાલતો ન હોય તો અભ્યાસકેન્દ્રની ફેરબદલી થઈ શકશે નહીં. આ બાબતે વિદ્યાર્થીની અરજીના આધારે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે વિદ્યાર્થીને માન્ય રહેશે. પરીક્ષા ટર્મ પૂર્ણ થયા બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં. વેબસાઈટ પર પ્રવેશ યાદી જાહેર થયાના 60 દિવસ બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં.

## 7. અભ્યાસક્રમની ફી

CES અભ્યાસક્રમ:

ભાઈઓ માટે : રૂ. 1800/-

બહેનો માટે : રૂ. 1300/-

## 8. શિક્ષણનું માધ્યમ

CES અભ્યાસક્રમ : ગુજરાતી માધ્યમ

## 9. SC/ ST Cell

ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત યુનિવર્સિટીમાં એસસી / એસટી વિભાગ 2002 થી કાર્યરત છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજનજાતિના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા આપવામાં આવતી મેટ્રિક પછીની શિષ્યવૃત્તિનો લાભ પહોંચાડવાનો છે.

વર્ષ દરમિયાન, એસસી / એસટી વિભાગ દ્વારા માંગવામાં આવતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ સંબંધિત માહિતી અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી - ગાંધીનગર અને આદિજાતિ વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય ગાંધીનગરને તેમજ SEBC કચેરી, અમદાવાદ ખાતે મોકલવામાં આવી છે. વર્ષ દરમિયાન મહેસાણા, બનાસકાંઠા, અમદાવાદ, સાબરકાંઠા, ગાંધીનગર, જૂનાગઢ, વડોદરા, પાટણ, અમરેલી, આણંદ, ભરૂચ, નર્મદા, રાજકોટ, ભાવનગર, પંચમહાલ, સુરત, જામનગર, અને પોરબંદરમાંથી શિષ્યવૃત્તિની રકમ DBTS તેમજ ચેક દ્વારા જમા કરવામાં આવે છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓ. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ દાખલ કરવામાં આવેલી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સંબંધિત એપ્લિકેશનો અને અરજીઓ સંબંધિત માહિતી આપવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ August, 2017 થી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ફોર્મ ડિજિટલ ગુજરાત પોર્ટલ(www.digitalgujarat.gov.in)માં તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ભરવામાં આવે છે, જેઓ ગુજરાત સરકારના ધારાધોરણ મુજબ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે અરજી કરે છે. તદ્ઉપરાંત નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (www. scholarships.gov.in)પર ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ તેમજ SC,ST, અને OBC કેટેગરીના વિદ્યાર્થીઓ પણ શિષ્યવૃત્તિ માટે અરજી કરે છે.

<table>
<tr><th>Sr. No.</th><th colspan="2">Digital Gujarat Portal : All Schemes For Dr. Babasaheb Ambedkar Open University</th></tr>
<tr><td colspan="3">Scheduled Caste (SC)</td></tr>
<tr><td>1</td><td>(BCK - 6.1) Post Matric Scholarship for SC students (Government of India Scheme)</td><td>Fee-filled students</td></tr>
<tr><td>2</td><td>(BCK - 6.1) Post Matric Scholarship for SC students (Government of India Scheme) (Freeship Card Student Only)</td><td>Students with Freeship Card</td></tr>
<tr><td rowspan="2">3</td><td>(BCK-5) Post Matric Scholarship for SC girls student only (Having annual family income between 2.50 Lac to 6 Lac) (State Government Scheme)</td><td rowspan="2">Higher Income</td></tr>
<tr><td>(BCK-5) Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 6 Lac) (State Government Scheme)</td></tr>
<tr><td>4</td><td>(BCK – 11) Fellowship scheme for M.Phil., Ph.D. For SC students</td><td>M.Phil. - Ph.D. Students</td></tr>
<tr><td colspan="3">Scheduled Tribe (ST)</td></tr>
<tr><td>1</td><td>Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship</td><td>Fee-filled students</td></tr>
<tr><td>2</td><td>Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarship (Freeship Card/Medical Loan Student Only)</td><td>Students with Freeship Card</td></tr>
<tr><td rowspan="2">3</td><td>Post-Matric Scholarship for girls (Having annual family income more than 2.50 Lac) (Freeship Card / Medical Loan Student Only)</td><td rowspan="2">Higher Income</td></tr>
<tr><td>VKY – 156 Post Matric Scholarship for ST Girls Students Having Annual Family Income more than 2.50 Lakh</td></tr>
<tr><td colspan="3">Socially & Educationally Backward Class (SEBC)</td></tr>
<tr><td>1</td><td colspan="2">BCK – 81C Scholarship for students studying Dr. Ambedkar and Indira Gandhi Open University (SEBC)</td></tr>
<tr><td>2</td><td colspan="2">BCK – 81A Post Matric Scholarship of Government of India for the OBC Students</td></tr>
<tr><td>3</td><td colspan="2">Dr. Ambedkar Post Matric Scholarship of Government of India for Economic backward class Students</td></tr>
</table>

| Direct Social Defence | |
|---|---|
| 1 | Post Matric Scholarship for Disable Students (College/Institute) |

## 10. અભ્યાસક્રમની રૂપરેખા

| ક્રમ | પાઠ્યક્રમનું નામ | કોડ | ક્રેડિટ |
|---|---|---|---|
| 1 | માનવ પર્યાવરણ | AHE-01 | 8 |
| 2 | પારસ્પરિકતા,પર્યાવરણ અને પ્રવાસ | TS-05 | 8 |
| 3 | પર્યાવરણ અભ્યાસમાં પ્રોજેક્ટ | PES-01 | 4 |

## 11. અભ્યાસક્રમમાં ઉપલબ્ધ લક્ષ્યાંક સમૂહો સુધી પહોંચવાની વ્યવસ્થા

CES અભ્યાસક્રમ અંતર્ગત લક્ષ્યાંક સમૂહો સુધી પહોંચવા માટે અભિમુખતા શિબિર, વિદ્યાર્થી પ્રવેશ માટે પરિચય બેઠકો, ગ્રામ સંપર્ક, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે બેઠકો, સંયોજક દ્વારા પોતાના વિસ્તારમાં જાહેરાત કરી વિદ્યાર્થી પ્રવેશ વધે તે માટેના પ્રયત્નો તથા યુનિવર્સિટીના પ્રયત્નોને કારણે શૈક્ષણિક દીઠ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યામાં વધારો કરી શકાય.

## 12. વિદ્યાર્થી સહાય સેવા

વિદ્યાર્થી સ્વ – અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરી શકે અને પાઠ્યક્રમમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે વિદ્યાર્થીએ પસંદ કરેલ અભ્યાસકેન્દ્ર યુનિવર્સિટી ખાતે અનુભવી પરામર્શકની વ્યવસ્થા કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાયસેવા વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈમેઈલથી સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## 13. અભ્યાસક્રમ વિષયક શૈક્ષણિક માર્ગદર્શન

- અભ્યાસસામગ્રી

યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને અનુરૂપ CES અભ્યાસ સામગ્રી તૈયાર કરવામાં આવે છે. વિવિધ સંદર્ભગ્રંથોના સહાયથી સરળ પ્રવાહી ભાષામાં તૈયાર થયેલી અભ્યાસસામગ્રી દ્વારા ઘર બેઠાં અભ્યાસ

કરી રહેલ વિદ્યાર્થી પોતાના વિષય ક્ષેત્રમાં અન્ય પરંપરાગત યુનિવર્સિટી સમકક્ષ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે તે માટે કાળજી રાખવામાં આવે છે.

- વિવિધ માધ્યમોનો ઉપયોગ

વર્ગ વ્યાખ્યાનોના વિકલ્પ રૂપે નામાંકિત તજજ્ઞો દ્વારા તૈયાર કરાવેલી સ્વ- અધ્યયન માટે પ્રકાશિત CES અભ્યાસસામગ્રી દરેક વિદ્યાર્થીને આપવામા છે. વિદ્યાર્થી પોતાની અનુકૂળતા મુજબ પોતાની પસંદગીના સમયે અને સ્થળે અભ્યાસ કરી શકે છે. અભ્યાસપૂરક એવી દૃશ્ય – શ્રાવ્ય માધ્યમો તથા રેડિયો ઉપર પણ કાઉન્સિલિંગ દ્વારા વિદ્યાર્થીઓને CES ની અભ્યાસસામગ્રી ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે. આમ, યુનિવર્સિટી બહુ માધ્યમ શિક્ષણપદ્ધતિની સુવિધા પૂરી પાડે છે.

- અભ્યાસ- સામગ્રીની ઉપલબ્ધતા

મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ : દૂરવર્તી શિક્ષણના માર્ગદર્શક સિદ્ધાંતોને અનુરૂપ તૈયાર થયેલી બ્લોક – યુનિટ વાઈઝ અભ્યાસસામગ્રીને મુદ્રિત સ્વરૂપે , પ્રવેશ મેળવનારે વિદ્યાર્થીને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
ઓડિયો – વિડીયો રેકોર્ડીંગ : અભ્યાસસામગ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સુસજ્જ ચૈતન્ય સ્ટુડીયોમાં ઓડિયો – વિડીયો રેકોર્ડિંગ દ્વારા વિશાળ વિદ્યાર્થીસમૂહને ઉપલબ્ધ થઈ શકે તે રીતે યુનિવર્સિટીના વેબ પોર્ટલ તથા અન્ય માધ્યમો જેવા કે સ્વાધ્યાય રેડિયો/ સ્વાધ્યાય ટી.વી./ વંદે – ગુજરાત- ચેનલ જેવા માધ્યમોમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

- પરામર્શન વર્ગો

અભ્યાસસામગ્રીના અધ્યયનમાં ઉદ્‌ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા અભ્યાસકેન્દ્રો ઉપર વિષયના તજજ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. જેમાં CES ના વિદ્યાર્થી પોતાની જરૂરિયાત મુજબ હાજરી આપી શકે છે.

- સ્વાધ્યાયકાર્યો

CES અભ્યાસક્રમ દીઠ નિયત સ્વાધ્યાય કાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્રો ઉપર આપેલા બી.એ. ના સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે વિદ્યાર્થીને પરત મળે છે.

- અભ્યાસક્રમની મૂલ્યાંકન પધ્ધતિ

વિદ્યાર્થીઓના પ્રગતિના મૂલ્યાંકન માટે દૂરવર્તી શિક્ષણ પધ્ધતિ અનુસાર ત્રિપાંખીયો અભિગમ અપનાવવામાં આવે છે .

- સ્વમૂલ્યાંકન :

  અભ્યાસ સામગ્રીમાં નિયત મુદ્દાઓને અંતે 'તમારી પ્રગતિ ચકાસો' દ્વારા વિદ્યાર્થી પોતાનું સ્વમૂલ્યાંકન કરતા રહી અભ્યાસ આગળ ચાલુ રાખી શકે છે.

- સતત મૂલ્યાંકન :

  પાઠ્યક્રમ દીઠ નિયત સ્વાધ્યાય કાર્યો દ્વારા સતત મૂલ્યાંકન થાય છે જેનો ગુણભાર 30% છે.
- સત્રના અંતે મૂલ્યાંકન :

  (સત્રાંત પરીક્ષા : (8 ક્રેડિટ : 100 ગુણ, 4 ક્રડિટ: 50-ગુણ) (ભારાંક 100%)

- પરીક્ષા :

સત્રાંત પરીક્ષા : સત્રાંત પરીક્ષા વર્ષમાં બે વાર યોજવામાં આવે છે, જેનો પ્રારંભ અનુક્રમે જાન્યુઆરી અને જૂન માસમાં થાય છે. પરીક્ષાના સમયપત્રક અને પરીક્ષાને લગતી અન્ય વિગતો યોગ્ય સમયે યુનિવર્સિટીની વેબસાઈટ પર દર્શાવવામાં આવે છે.

પરીક્ષા કેન્દ્ર : સામાન્ય રીતે વિદ્યાર્થીનું અભ્યાસકેન્દ્ર/ પ્રોગ્રામકેન્દ્ર અથવા નજીકનું પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીને ફાળવવામાં આવશે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા જે – તે સમયે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

સત્રાંત પરીક્ષામાં બેસવા માટે :

- નોંધણી પછી અભ્યાસક્રમનો લઘુત્તમગાળો પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- નિયત સ્વાધ્યાયકાર્યો નિશ્ચિત થયેલ સમયમર્યાદામાં રજૂ કરેલ હોવાં જોઈએ.
- પરીક્ષા ફોર્મ નિયત સમયમર્યાદામાં ભરેલું હોવું જોઈએ.
- જો આપ પાછલી પરીક્ષામાં બેઠાં હો અને તેનું પરિણામ ન આવ્યું હોય તો પણ આપને સલાહ છે કે, પરિણામની રાહ જોયા સિવાય આપેલ પરીક્ષાના પાઠ્યક્રમ સહિત પરીક્ષા ફોર્મ ભરી સમયસર મોકલવું. જેથી તમારે લેટ ફી ભરવી પડે નહીં. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાફોર્મ વેબસાઈટ પર જે- તે સમયે ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ : www.baou.edu.in પર સંપર્ક કરવાનો રહેશે.

- ગ્રંથાલય અને તેના રિસોર્સની ઉપયોગિતા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિવેકાનંદ લાયબ્રેરી યુનિવર્સિટીની વર્તમાન અને ભવિષ્યની શૈક્ષણિક તથા સંદર્ભ સામગ્રી માટેની જરૂરુયાતોને પહોંચી વળવા સજ્જ છે. યુનિવર્સિટી પરિસરમાં આવેલું આ ગ્રંથાલય કાર્યલય સમય દરમ્યાન દરેક વિદ્યાર્થીઓ માટે સહજતાથી ઉપલબધ્ધ છે.

યુનિવર્સિટી દ્વારા દરેક અભ્યાસકેન્દ્રને સંદર્ભ સાહિત્ય પૂરું પાડવામાં આવે છે. અભ્યાસકેન્દ્ર પર વિદ્યાર્થીને પૂરતા પ્રમાણમાં વાચનસામગ્રી મળી રહે તે હેતુથી પર્યાપ્ત માળખાકીય સુવિધા સાથે પુસ્તકો – કબાટ પૂરા પાડવામાં આવે છે. રાજ્યની અન્ય યુનિવર્સિટીના ગ્રંથાલયોનો ઉપયોગ વિદ્યાર્થી કરી શકે તે બાબત સુચારુ વ્યવસ્થા કરવામાં આવે છે.